# આરોગ્ય વિભાગની રૂ.૧૧ કરોડની ગ્રાન્ટની ઉચાપતમાં ચારની ધરપકડ

## સમગ્ર કૌભાંડ ઓડીટમાં બહાર આવ્યું, ભળતા નામે એકાઉન્ટ ખોલી ગ્રાન્ટની રકમ ટ્રાન્સફર કરી

ગાંધીનગર, તા.૨૩

નેશનલ હેલ્થ મિશન હેઠળ આરોગ્યલક્ષી તમામ યોજનાઓમાં દર્દીઓને સહાયરૂપ થવા માટે ભારત સરકાર અને ગુજરાત સરકાર તરફથી આઈડીએસપી અને એનવીએચસીપી પ્રોગામ અંતર્ગત ગ્રાન્ટ આપવામાં આવે છે. ત્યારે આરોગ્ય શાખાના ભળતા નામે ખોટા દસ્તાવેજો ઉભા કરીને બેંક એકાઉન્ટ ખોલાવી તેમાં રૂ.૧૧,૧૩,૪૮,૪૦૦ ની રકમ રીજીયોનલ એકાઉન્ટ સાથે સંલગ્ન રજીસ્ટર કંપનીઓમાં ભળતા નામ જેવી વિવિધ વ્યકિતના નામે કંપનીઓ ઉભી કરી તેમાં ૧૧ ટ્રાન્જેકશન કરી આ બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી દેવામાં આવી હતી. આટલા મોટું કૌભાડ છતા આરોગ્ય તંત્ર ઉંઘતુ ઝડપાયું છે. સમગ્ર ઉચાપત અંગે વહીવટી અધિકારી પ્રવિણ દેસાઈએ ગુનો નોંધાતા એલસીબી અને સ્થાનિક પોલીસે ચાર આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ભારત સરકારના નેશનલ હેલ્થ મિશન હેઠળ આરોગ્યલક્ષી તમામ યોજનાઓમાં દર્દીઓને મદદરૂપ થવા માટે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. ભારત સરકાર અને રાજય સરકાર તરફથી મળતી ગ્રાન્ટ નેશનલ હેલ્થ મિશન હેઠળના એપેડેમિક શાખા ખાતે આઈડીએસપી અને એનવીએચસીપી પ્રોગામ હેઠળ ઉપયોગમાં લેવામાં આવે છે. જે પૈકી સિકલ સેલ એનીમિયા કંટ્રોલ સોસાયટીને ફાળવવામાં આવેલી ગ્રાન્ટ પૂર્વ કર્મચારી હાર્દિક પટેલે પોતાના સાથીદારો સાથે મળીને ચાઉં કરી ગયા છે. ત્યારે જુના સચિવાલય બ્લોક નં.૫ ખાતે ફરજ બજાવતા આરોગ્ય વિભાગના એપેડેમિક શાખાના વહીવટી અધિકારી પ્રવિણ દેસાઈની ફરીયાદનો પગલે ચાર આરોપીઓને ગણતરીના સમયમાં પકડી પાડ્યા છે. ત્યારે મળતી વિગત મુજબ શહેરના સેકટર-૫ એ પ્લોટ નં. ૨૮૩-૧ ખાતે રહેતો હાર્દિક પ્રવિણ પટેલ (સી.એ.) થયેલ છે. જે કોન્ટ્રાકટ બેઝ પર આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતો હતો. જે ફાયનાન્સ વિભાગમાં હોવાથી ગાન્ટના રૂપીયા ક્યાંથી કેવી રીતે અને ક્યાં ટ્રાન્સફર થાય છે તેનાથી સારી રીતે પરિચિત હતો. આરોગ્ય વિભાગની સંબંધિત યોજનાના ભળતા નામે ગુજરાત સિકલ સેલ એનીમિયાના ભળતા નામે સાણંદની સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયા ખાતુ ખોલાવ્યું હતું. જેમાં તેના મિત્ર યુધીર જાનીએ પૂર્વ અધિક નિયામક ડો.દિનકર રાવલ દ્વારા બેંક ટ્રાન્ઝેકશન માટે ઓથોરીટી આપવામાં આવી હોવાનો લેટર બેંકમાં રજુ કર્યો હતો. જયારે હકીકતમાં ડો.દિનકર રાવલ નિવૃત થઈ ગયા હતા. જયારે ઈન્ચાર્જ ડેપ્યુટી ડાયરેકટર ડો.ઘનશઅયામ પટેલની બદલી થઈ ગઈ હતી.જયારે આરોગ્ય વિભાગની સંબંધિત રીજીયોનલ એકાઉન્ટ સાથે જોડાયેલી રજીસ્ટર કંપનીઓના ભળતા નામે વિવિધ વ્યકિતઓના નામે કંપનીઓ ઉભી કરી બેંક એકાઉન્ટ ખોલ્યા હતા. જેમાં તેના સસરા અશોક પટેલ, સાસુ અલકા પટેલ, મિત્ર હિમાંશુ ગજ્જર, અને પટાવાળા યોગેશ સહિતના નામે કંપનીઓ ઉભી કરી હતી. સિકલ સેલ એનીમિયા સોસાયટી અંતર્ગત આવતી ગ્રાન્ટ મેઈન બેંક એકાઉન્ટમાં જમા કરવાની જગ્યાએ સાણંદ બેંકમાં સિકલ સેલ સોસાય ના નામે ખોલાયેલા ખાતામાં રૂપીયા જમા કરાવતા હતા. ત્યારબાદ પોતાના સાગરીતોના એકાઉન્ટમાં તબબકારવાર રીતે ગ્રાન્ટ રૂપીયા ટ્રાન્સફર કરી લેવામાં આવતા હતા. બેંક દ્વારા કોઈ ફરીયાદ આવે તો આરોગ્ય વિભાગની નકલી કલાર્ક બની બેઠેલો યુધિર જાની બેંકમાં જઈને ફરીયાદ સોલ્વ કરી દેતો હતો. કારણ કે તે પૂર્વ અધિક નિયામક ની સહી સિક્કા સાથેનો ઓથોરાઈઝ વ્યકિત હોવાનો લેટર તેના નામથી બેંકમાં આપવામાં આવ્યો હતો. બીજીતરફ વિભાગમાં હાર્દિક પટેલ ચાર્ટડ એકાઉટન્ટ હોવાથી એન્ટ્રીઓ કેવી રીતે બતાવવી તે સારી રીતે જાણતો હતો.જયારે યુદિર જાની અને હાર્દિક પટેલે ભેગા મળીને સરકાર સાથે છેતરપિંડી આચરી છે. પોલીસે ચાર આરોપીઓની ધરપકડ કરી રિમાન્ડ માટેની તજવીજ હાથ ધરી છે.



# શહેરના એસટી ડેપોના પાર્કિંગમાંથી બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરના એસટી ડેપોના પાર્કિંગમાંથી બાઈકની ઉઠાંતરી થતા સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. ગત તા.૧૩ એપ્રિલના રોજ ડેપોના પાર્કિંગમાં બાઈક મુકીને યુવક વતન સાબરકાંઠા ગયો હતો. જયારે તા.૨૧ ના રોજ આવીને જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. મળતી વિગત મુજબ મુળ સાબરકાંઠાના વિજયનગર તાલુકના વાંકડા ગામનો પ્રિતેશ રાજેશભાઈ કટારા ગાંધીનગર સેકટર-૧૫ ખાતે ઉમિયા ધામ ખાતે ભાડે થી રહે છે અને સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરે છે. જયારે પ્રિતેશ કટારા પોતાના પિતાજીની માલીકીનું હીરો હોન્ડા સ્પ્લેન્ડર બાઈક જી.જે.૦૯.એ.બી.-૬૮૪૦ નો ઉપયોગ કરતો હતો. ગત તા.૧૩ એપ્રિલના રોજ સાંજના ૫ વાગ્યાના અરસામાં એસ.ટી.ડેપો પાછળ આવેલા પાર્કિંગમાં બાઈક મુકીને વતન સામાજીક કામે ગયો હતો. ત્યારબાદ વતન થી તા.૨૧ ના રોજ સાંજે ૫ વાગે આવીને પ્રિતેશ જોયુ તો એસટી ડેપોના પાર્કિંગમાં પાર્ક કરેલ બાઈક ન હતું. જેથી યુવકે આસપાસના વિસ્તારમાં પુછપરછ અને શોધખોળ કરી હતી. પરંતુ આજદીન સુધી બાઈક નહી મળી આવતા યુવકે રૂ.૭ હજારના બાઈક ચોરી અંગે સે-૭ પોલીસ મથકે ગુનો નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સરદાર ઉપાસના મંદિરમાં વિશ્વ પુસ્તક દિવસ ઉજવાયો



ગાંધીનગર, તા. ૨૩

સાદરાના સરદાર ઉપાસના મંદિરમાં વિશ્વ પુસ્તક દિવસની ઉજવણી ગ્રંથપાલ જગદીશ પરીખના વાર્તાલાપ દ્વારા કરવામાં આવી જેમાં સેકસપિયરના ૨૩ એપ્રિલના જન્મ દિવસને યુનેસ્કોએ ૧૯૯૫માં વિશ્વ પુસ્તક દિવસ ઉજવવાનુ જાહેર કરાયું. વાર્તાલાપમાં જગદીશ પરીખે જણાવ્યું કે ગાંધીજીના મત પ્રમાણે કપડાં જૂના પહેરો પણ પુસ્તક નવાં રાખજો, તોપ, તીર, તલવારમાં જે શક્તિ નથી હોતી તે પુસ્તકોમાં હોય છે. પુસ્તક જન્મથી મૃત્યુ સુધી મિત્રની ભૂમિકા ભજવે છે. મનુષ્યને માત્ર પુસ્તક જ જ્ઞાનવાન, ચરિત્રવાન અને સંસ્કારી બનાવે છે. સંકુલ સંયોજક પ્રાધ્યાપક રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વિશ્વ પુસ્તક દિવસ ઉજવાયો. સમગ્ર કાર્યક્રમની રૂપરેખા ડૉ. ગેલજીભાઈ ભાટીયાએ આપી અને આભારદર્શન ડૉ. રાજેન્દ્રભાઈ જોષીએ કર્યુ.

# સાદરા સંકુલમાં સત્રાંત દિને વિદાય લેતા વિદ્યાર્થીઓનો શુભેચ્છા કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૨૩

ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક (વાઈસ ચાન્સેલર) ડૉ. રાજેન્દ્ર ખીમાણીના અધ્યક્ષસ્થાને મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ સાદરાના બી.એ. એમ.એ. વિભાગ અને શારીરિક શિક્ષણ રમત વિજ્ઞાન વિદ્યાશાખાના વિદાય લેતા વિદ્યાર્થીઓનો શુભેચ્છા કાર્યક્રમ સત્રના અંતે ગોઠવવામાં આવ્યો. બન્ને વિભાગોએ વર્ષ દરમ્યાન હાથ ધરેલી શૈક્ષણિક, સામાજિક, ગ્રામ વિસ્તરણ, વૃક્ષારોપણ, આરોગ્ય, કોવિડ-૧૯ મહામારીમાં સેવાકીય પ્રવૃત્તિઓનું સ્લાઈડ શૉ પ્રેઝન્ટેશન કરાયું. વિદ્યાર્થીઓના પ્રતિભાવો રખાયા. બી.એ. એમ.એ. વિભાગના વિદ્યાર્થીઓએ વર્ષ દરમ્યાન કરેલ વકૃત્વ સ્પર્ધા, નિબંધ, સ્પર્ધા, મેંદી સ્પર્ધા, કેશગૂંથણી સ્પર્ધાના વિજેતાઓને પ્રોત્સાહક ઈનામો અપાયાં. સમગ્ર કાર્યક્રમ સંકુલ સંયોજક પ્રા. રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતી દેવું અને ડૉ. દિવ્યેશ ભટ્ટના આયોજન થકી સફળ રહ્યો. ડૉ. રાજેન્દ્ર જોશીએ આભારદર્શન કર્યુ. અંતે ગૂજરાત વિદ્યાપીઠનું સંઘગાન એકજ ડાળના પંખી અમે સહું ગાઈ કાર્યક્રમ પુરો કરાયો.

# બાઈક સાઈડમાં હંકારવાનું કહેતા યુવકને ઢોર માર માર્યો

ગાંધીનગર, તા.૨૩

શહેરની ટાટા ચોકડી ખાતે બાઈક સાઈડમાં હંકારવાનું કહેતા યુવકને ઢોર માર માર્યો હતો. અજાણ્યા શખ્સે બાઈક આગળ લાવીને ઉભુ રાખીને બાઈક ચાલક યુવકને ગડદાપાટુ તેમજ મોંઢા પર ફેંટો મારી હતી. જયારે યુવકે બુમાબુમ કરતા નાગરીકો એકઠા થઈ જતા અજાણ્યા શખ્સે જાનથી મારી નાંખવાની ધમકી આપી નાસી ગયો હતો. બનાવ અંગે યુવકે અજાણ્યા બાઈક ચાલક શખ્સ સામે સેકટર-૨૧ પોલીસ મથકે ગુનો નોંધાવ્યો છે.

ગાંધીનગરના સરઢવ ગામે અંબાજી માતાના વાસ ખાતે રહેતા અભી ભરતભાઈ પટેલ (ઉં.૨૮) પોતાના પરિવાર સાથે રહે છે. જયારે અબી છેલ્લા આઠ વર્ષથી સેકટર-૨૫ જીઆઈડીસી ખાતે આવેલી વર્ધમાન ઈલેકટ્રોનીકમાં હેલ્પર તરીકે ફરજ બજાવે છે. ગતરોજ સવારના સમયે અભી અને તેનો મિત્ર નિત્યક્રમ મુજબ બાઈક નં. જી.જે.૧૮.ડી.ડી.-૮૭૯૮ લઈ સેકટર-૨૫ જીઆઈડીસી આવી રહ્યા હતા. તે સમયે સાડા આઠ વાગ્યાના અરસામાં શહેરની ટાટા ચોકડી પાસે આગળ બાઈક લઈને જઈ રહેલો શખ્સ સાઈડ આપી રહ્યો ન હતો. જેથી યુવકે બાઈક તેની નજીક લઈ જઈ બાઈક સાઈડમાં ચલાવવાનું કહેતા તેણે પોતાનું બાઈક આગળ ઉભુ કરી દઈને જેમ તેમ બોલવા લાગ્યો હતો. જયારે યુવકે તમારુ બાઈક ગમે તેમ ચલાવી મને સાઈડ નથી આપતા તેમ કહેતા જ શખ્સ ગાળાગાળી કરવા લાગ્યો હતો. જેથી યુવકે ગાળો બોલવાની ના પાડતા ઉશ્કેરાઈને શખ્સે યુવકને ગડદાપાટુનો માર મારી નાકના ભાગે ફેંટો મારતા લોહી નીકળવા લાગ્યું હતું. મારામારીને પગલે નાગરીકો એકઠા થઈ જતા બાઈક ચાલક શખ્સે જતા જતા યુવકને જાનથી મારી નાંખવાની ધમકી આપી જતો રહ્યો હતો. જયારે ઝપાઝપી દરમિયાન યુવકના ગળામાંથી બે તોલાની સોનાની ચેઈન પડી ગઈ હતી.જયારે પેલા શખ્સનો બાઈક નં. જી.જે.૧૮.સી.એન.૬૧૪૪ હતો. જયારે યુવકને ઈજા પહોંચતા તેને તાત્કાલીક ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયો હતો. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



દહેગામ થી કાંઠા દેવીપૂજકોની કુળદેવીના મંદિરે પગપાળા સંઘોનું પ્રસ્થાન

# મેટલર્જી વિભાગ સરકારી ઈજનેરી કોલેજ દ્વારા ઓપન હાઉસ-પોસ્ટર એકિઝબિશન ઈવેન્ટનું આયોજન



ગાંધીનગર, તા.૨૩

મેટલર્જી વિભાગ, સરકારી ઈજનેરી કોલેજ સે-૨૮, ગાંધીનગર ખાતે ઓપન હાઉસ-પોસ્ટર એકિઝબિશન ઈવેન્ટનું આયોજન કરાયું હતું. જેમાં બી.ઈ. મેટરલર્જી વિદ્યાશાખાના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓએ તેમણે ઈન્ડસ્ટ્રી - ઈન્ટર્ન દરમિયાન મેળવેલા ટેકનીકલ જ્ઞાન તેમજ અનુભવો પોસ્ટરના માધ્યમથી બીજા અને ત્રીજા વર્ષમાં ભણતા વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી તેમને પ્રોત્સાહિત કર્યા હતા જેમાં કુલ ૯૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ સમગ્ર સફળ આયોજન સરકારી ઈજનેરી કોલેજ, સે-૨૮, ગાંધીનગરના પ્રિન્સિપાલ ડૉ. પ્રો. શ્વેતા પી.દવે, એસએસઆઈજી મેન્ટર, મેટલર્જી વિભાગના વડા ડો.પ્રો. આઈ.બી. દવે તથા મેટલર્જી વિભાગના એસએસઆઈપી કોર્ડિનેટર ડો. પ્રો. પી.કે. નાણાંવટીના સંયુકત માર્ગદર્શન હેઠળ થયું હતું.

## ખૂણેખાંચરેથી

- આજે વિશ્વ પુસ્તક દિવસની પાટનગરમાં સાદગીથી ઉજવણી થઈ હતી.
- દહેગામમાં લેણદારોના ત્રાસથી ફર્નિચરની દુકાનના માલિકે ઘર છોડી ગુમ થયાની ઘટના અંગે દહેગામ પોલીસે ફરિયાદ નોંધી છે.
- કલોલની પીયજ પ્રા. શાળામાં પરીક્ષા આપીને ઘરે જતી બાળકીનું ટ્રેક્ટરની ટક્કરે મોત થતાં ગામમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.
- આજે બિન સચિવાલય કારકુનની ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષા યોજાશે.
- પૂર્વ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમીત ચાવડા આજે ડાકોરમાં ભગવાન કૃષ્ણ અને ફાગવેલ ભાથીજી મંદિર ખાતે ધ્વજારોહણ કરી ઉજવણી કરશે. ગાંધીનગર જિલ્લા કોંગ્રેસના કાર્યકરો ચિલોડા એકત્ર થઈ આ કાર્યક્રમમાં હાજરી આપવા જશે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરાનાનો આજે એકપણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગર શહેર - જિલ્લામાં આજે રજાના દિવસે ૨૨૦૦થી વધુ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે.
- ગરમીનો પ્રકોપ વધી રહ્યો હોવાથી શનિવારની રજા દરમિયાન લોકો ઘરમાં બેસી આઈપીએલની મેચની મજા માણી હતી.
- ગાંધીનગર શહેરમાં નવા ભળેલા વિસ્તારોમાં પેયજળનો પુરવઠો પુરતા ફોર્સથી અને પુરતા પ્રમાણમાં નહિ મળતો હોવાની તેમજ પાણીમાં ગંદકી વધુ આવતી હોવાની ફરિયાદો ઉઠી છે.
- ગાંધીનગર જિલ્લાના માર્કેટ યાર્ડોમાં ઘઉંની આવક વધવા પામી છે. શાકભાજીની જણસોમાં પણ ભાવ ઉચકાતા ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો છે.



ગાંધીનગરમાં રહેતા એક ટીનેજર બાળક સેક્ટર-૨૫માં રહેતા હેત રાવલ એ પોતાનો જન્મદિવસ ગરીબ બાળકો સાથે ઉજવ્યો. પોતાના પોકેટ મનીમાંથી પૈસા બચાવીને ઝૂપડપટ્ટીમાં રહેતા ગરીબ બાળકોને આઈસ્ક્રીમ ખવડાવી ને પોતાનો જન્મદિવસ ઉજવ્યો હતો. આ કિસ્સો આજના આધુનિક અને ફાસ્ટ અને સ્વાર્થી દુનિયા ને પ્રેરણા આપતો કિસ્સો છે. તેણે પોતાની યજ્ઞ પવિત જનોઈ ની કંકોત્રી માં સ્વચ્છ ભારતનો સંદેશો આપતો લોગો છપાવ્યો હતો તેમજ બેટી બચાવો અને બેટી પઢાઓ નો સંદેશો પણ અને પોતાની કંકોત્રી માં છાપ્યો હતો. હેત રાવલ આજની યુવા પેઢીને ખુબજ ઉમદા ઉદાહરણ પૂરું પાડે છે.

# ચિલોડા ગામે વિશ્વ પૃથ્વી દિવસ ઉજવાયો



ચિલોડા, તા. ૨૩

ગાંધીનગર તાલુકાના ચિલોડા સ્થિત પ્રાથમિક શાળા ખાતે જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ ગાંધીનગરના પેરાલીગલ વોલન્ટીયર નટુભાઈ પટેલ પત્રકાર દ્વારા ૨૨મી એપ્રિલ ૨૦૨૨ વિશ્વ ધરતી દિવસની ઉજવણીના ભાગરૂપે એક કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં પેરાલીગલ વોલન્ટીયર નટુભાઈ પટેલે વિશ્વ ધરતી દિવસ પ્રાસંગિક ઉદબોધનમાં વધતા જતા પ્રદૂષણ સામે જનજાગૃતિ અભિયાન સંદર્ભે શહેરીકરણ-ઉદ્યોગીકરણને લીધે પ્રદૂષણનું માત્રા વધવાની સાથે ગ્લોબલ વોર્મિંગ અને કલાઈમેન્ટ ચેન્જના વિધાયક પરીબળો વધુ ધરતીમાતા અને માનવજીવનને અસરકર્તા બન્યા છે. જળ-જમીન-જંગલો-નદીઓ-તળાવો-જળાશયો વગેરે પ્રાકૃતિક સંશોધનોનું દોહણ થઈ રહ્યું છે. વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણીના ભાગરૂપે વૃક્ષારોપણ, લોકમત જાગૃતિ માટે રેલી, સભા, સરઘસો, પ્રદર્શનો, પરિસંવાદો યોજી જનજાગૃતિ અભિયાન વેગવંત બને તે જરૂરી છે. મોટા ઉદ્યોગોને બદલે હવા-પાણી-જમીનનું પ્રદૂષણ નિવારવા ગ્રામીણ કુટિર ઉદ્યોગોને ઉત્તેજન આપવું જોઈએ. પૃથ્વીની રક્ષાની જવાબદારી આપણા સૌની છે. ધરતીનું ઉપલું પડ ક્ષારમુક્ત, પ્રદૂષણ મુક્ત રહે તે જોવાની શૌની ફરજ છે તેવુ માર્મિક પ્રવચન આપ્યુ હતુ.

# રાજય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગર ખાતે વિશ્વ પુસ્તક દિવસ અને કોપીરાઈટ ડેની ઉજવણી



ગાંધીનગર, તા.૨૩

રાજય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગર ખાતે આઝાદીના અમૃત મહોત્સવ પર્વની ઉજવણીના ભાગરૂપે ૨૩મી એપ્રિલના રોજ વિશ્વ પુસ્તક દિવસ અને કોપીરાઈટ ડેની ઉજવણી અંતર્ગત સંસ્થા ખાતે મા સરસ્વતી વંદના અને ગ્રંથ પુજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલું હતું. આ પ્રસંગે ધાર્મિક ગ્રંથોનું પુજન અને મા સરસ્વતીની આરાધના કરી સંસ્થા ખાતે સત્યનારાયણ ભગવાનની કથાનું પણ આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમનું આયોજન સંસ્થાના ગ્રંથપાલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગ્રંથાલય ખાતાના નિયામક ડૉ. પી.કે.ગોસ્વામી હાજર રહ્યા હતા તથા રાજય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગરના સમગ્ર સ્ટાફે હાજર રહી ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

# સેકટર-૨૪ ખાતે શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજની હોદ્દેદારોની મીટીંગનું આયોજન



ગાંધીનગર, તા. ૨૩

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજયકક્ષા)મા જોડાયેલ અને જોડાવવા ઈચ્છુક ભુદેવોની મીટીંગનુ આયોજન સેકટર -૨૪ હરિહર મહાદેવ મંદિર ખાતે વોર્ડ ન -૩ ના હોદેદારો દ્વારા કરવામા આવેલ હતુ. આ અનેરા પ્રસંગમાં તમામ ભૂદેવોઓના ઉત્સાહ વધારવા શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજયકક્ષા)ના આગેવાનો સર્વ ટ્રસ્ટી યગ્નેશભાઈ દવે (ટ્રસ્ટી), ભરતભાઈ રાવલ (પ્રદેશ પ્રમુખ), અમિતભાઈ દવે (મહામંત્રી), માલવ પંડિત (પ્રદેશ યુવા પ્રમુખ), અશ્વિનભાઈ ત્રિવેદી (મુખ્ય સંગઠક), સુનીલભાઈ ત્રિવેદી (ગાંધીનગર જિલ્લા/શહેર પ્રમુખ), હિમાંશભાઈ ભાચેચ (પરશુરામ યાત્રાના મુખ્ય કનવિનર) સુરેશભાઈ મેહતા (પુર્વ કોર્પોરેટર ગાંધીનગર મહાનગર પાલિકા) પંકજભાઈ શુકલ (સેકટર-૧૬ બ્રહ્મસમાજના પુર્વ પ્રમુખ), જતીનભાઈ શુકલ (સેકટર-૧૬ બ્રહ્મસમાજના પુર્વ ઉપ-પ્રમુખ), કિરીટભાઈ (ફરશિ દિશ્રાના દાતા), હસમુખભાઈ પંડ્યા (સલાહકાર સમિતી સભ્ય), મુકેશભાઈ દવે (સેકટર-૧૬ બ્રહ્મસમાજના પુર્વ હોદ્દેદાર), પ્રદીપભાઈ રાવલ (મીડીયા સમીતી સભ્ય), છાયાબેન ત્રિવેદી (મહિલા પાંખ પ્રમુખ) શૈલાબેન સુનિલભાઈ ત્રિવેદી (વોર્ડ નં-૯ ના ભુદેવ કોર્પોરેટર ગાંધીનગર મહાનગરપાલિકા), અંજનાબેન સુરેશભાઈ મેહતા (વોર્ડ નં-૧ના ભુદેવ કોર્પોરેટર ગાંધીનગર મહાનગરપાલિકા), હેમાબેન ભટ્ટ વોર્ડ નં-૫ ના ભુદેવ કોર્પોરેટર ગાંધીનગર મહાનગરપાલિકા), રેખાબેન રાવલ વગેરે હોદેદારો આ અનેરા પ્રસંગમાં સહભાગી બન્યા હતાં. આ અનેરા પ્રસંગમાં ભારતીય જનતા પાર્ટીના મીડિયા કન્વીનર શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના ટ્રસ્ટી યગનેષભાઈ દવે વોર્ડ નં -૩ અને વોર્ડ નં -૧ ના નવ નિમણુક હોદેદારોનો ઉત્સાહ વધારાવા અને આગામી પરશુરામ યાત્રા વિશે વિષેશ માર્ગદર્શન આપ્યુ હતુ. અને તેમના દ્વારા કરેલ આહવાન જેમાં સર્વે ગુજરાતના ભૂદેવો એક થાય અને બ્રાહ્મણ સંગઠન મજબુત થાય તે વિચારધારા હેઠળ યગનેષભાઈ દવેના વોર્ડ નં-૩ માં આવવાની સાથે જ તમામ ભુદેવો દ્વારા જય જય પરશુરામ જય જય પરશુરામના નારા તથા યગનેષભાઈ તુમ આગે બઢો હમ તુમારે સાથ હે ના નારાથી ખાલી વોર્ડ ન-૩ નહિ પણ આખુ ગાંધીનગર ગુંજી ઉઠ્યુ હતુ.